જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૦૮/૦૮/૨૦૨૩  મંગળવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## શરીર સબંધી ગુનાની પ્રવુત્તિ સાથે સંકળાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી શહેરકોટડા પોલીસ

મે.પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓની તથા સંયુક્ત પો.કમિ.શ્રી સેક્ટર-૧ સાહેબની સુચના આધારે તેમજ ના.પો.કમી.શ્રી ઝોન-૩ સાહેબ તથા મ.પો.કમી.શ્રી ડી-ડીવીઝન અમદાવાદ શહેરના માર્ગદર્શન હેઠળ શહેરકોટડા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એમ.ડી.ચંદ્રાવાડીયા નાઓની સુચના આધારે સ્ટાફના માણસો દ્વારા આરોપીને પકડી લાવતા ગીરીશ ઉર્ફે ગીરીયો સ/ઓ ત્રીકમભાઇ રામજીભાઇ રાઠોડ ઉ.વ.૧૯ રહે.પિકર્સની ચાલી અનિલસ્ટાર્ચ મીલ રોડ સરસપુર, અમદાવાદ શહેર નાઓની વિરુધ્ધમાં (૧) શહેરકોટડા પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૨૧૩૧૨/ ૨૦૨૨ ઈ.પી.કો કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪, ૫૦૬(૨) મુજબ તથા નં.(૨) શહેરકોટડા પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૩૦૬૬૨/૨૦૨૩ ઈ.પી.કો કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪, ૫૦૬(૧) તથા જી.પી એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૩) શહેરકોટડા પો.સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૧૨૩૦૬૯૧/૨૦૨૩ ઈપીકો કલમ ૩૨૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનામાં મે.પો.કમિ.શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક-પીસીબી/ડીટીએન/પાસા/૪૦૫/૨૦૨૩ તા.૦૭/૦૮/૨૦૨૩ ના રોજ પાસા હુકમ થયેલ હોય જે પાસા હુકમની બજવણી કરી આરોપીને તા.૦૭/૦૮/૨૦૨૩ ના કલાક ૨૧/૦૦ વાગે મધ્યસ્થ જેલ, લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૩/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૬૨ વ્યક્તિઓને ઝડપી, ૩૪૦ લીટર દેશી દારૂ, ૫૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦ બિયર ટીન, ૧ રિક્ષા અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૮ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૪૧,૬૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૪/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરાપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૫/૨૦૨૩**

**એલીસબ્રીજઃ** ધ્વની ડો/ઓ સૌરીનભાઇ શાહ (ઉ.વ.૨૩) (રહે. સુલસા રો-હાઉસ નિલમ એપાર્ટમેન્ટની બાજુમાં હિરાબાગ ક્રોસીંગ પાસે આંબાવાડી) એ તા.૦૭/૦૮/૨૦૨૩ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ધ્વની શાહ એ ફુટ મસાજર ઓનલાઈન ખરીદી કરી હતી, જે ફુટ મસાજર ડીફેક્ટીવ નિકળતા કંપનીમાં પરત કરવા માટે ગુગલ એપ દ્વારા ઈ-મેઈલ આઈડી મળતા જે ઈ-મેઈલ આઈડી ઉપર ઓનલાઈન ખરીદી કરેલ ફુટ મસાજર કંપનીમાં પરત કરવા માટે જાણ કરતા તેઓએ ઈ-મેઈલ આઈડીથી કસ્ટમર કેર નંબર આપતા જે નંબર ઉપર સંપર્ક કરતા તા.૧૭/૦૭/૨૦૨૩ થી તા.૧૮/૦૭/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૬૩૦૧૫૩૨૨૬૮, ૭૬૬૯૮૦૦૨૭૪ તથા ૭૦૯૧૭૯૭૬૬૮ ના ધારકોએ ધ્વની શાહના મોબાઇલમાં લિંક મોકલી, બેંક તથા અન્ય વિગતની માહિતી ભરાવી ધ્વની શાહના બેંક ખાતામાંથી ઓનલાઇન રૂપિયા ૧,૦૦,૦૦૦/- વિડ્રો કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.જી.ચેતરીયા ચલાવે છે.

**નવરંગપુરાઃ** યુગ રુપેશભાઈ દેસાઈ (ઉ.વ.૨૬) (રહે. આશાવરી ટાવર વાઈડ એંગલ પાછળ ઈસ્કોન ચાર રસ્તા સેટેલાઈટ) એ તા.૦૭/૦૮/૨૦૨૩ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ફેબ્રુઆરી/૨૦૨૨ થી આજ દીન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા લખુડી તલાવડી સર્કલ પાસે સેવીયર હોસ્પીટલ સામે ચૈતન્ય સોસાયટી ખાતે યુગ દેસાઈની ઓફીસથી આરોપી (૧) રાહુલ વેદપ્રકાશ ઠાકુર (૨) વાહીદ ઝાહીર (૩) સુમીત શર્મા (૪) રમણ આચાર્ય (૫) સપના દીવાકર (૬) સૌરભકુમાર ઝા (૭) રવિ રંજન (૮) અભીષેક રામકુમાર ઝા તથા શીવ સ્કે ફોલ્ડીંગ ઈન્ડસ્ટ્રીના માલીક (૯) દીપકભાઈ શ્યામસુંદર બંસલ (રહે. ક્રીર્તિ રોયલ એપાર્ટમેન્ટ કોણપ્પા, અગ્રારા હોરસુર રોડ બેંગ્લોર) એ ભેગા મળી સેન્ટીંગ મટીરીયલ્સ ભાડે લઈ જવા અંગેનો ભાડા કરાર કરી લોખંડના ટેકા નંગ-૨૩૪૦ કિંમત રૂપિયા ૪૪,૧૭,૯૨૦/- તથા લોખંડના કપલોક સ્કે ફોલ્ડીંગ નંગ-૭૬૮૦/- કિંમત રૂપિયા ૪૫,૮૪,૦૬૪/- મળી કુલ રૂપિયા ૯૦,૦૧,૯૮૪/- માલ નાની દમણ લઈ જવાની જગ્યાએ બેંગ્લોર ખાતે લઈ જઈ માલ વેચી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.આર.પટેલ ચલાવે છે.

**સેટેલાઈટઃ** ઝરણાબહેન વા/ઓ ચિંતનભાઇ ઠાકર (ઉ.વ.૪૦) (રહે. સૂદર્શન ટાવર નિરાંત પાર્ક પાસે, થલતેજ) એ તા.૦૭/૦૮/૨૦૨૩ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૩/૨૦૨૩ થી જુલાઇ-૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ઓમ વિરસિંગ વિજય પ્રકાશ સિંગ (રહે.બી/૪૦૧ ૧૫ ધી એડ્રેસ ઇસ્કોન આંબલી રોડ વિક્રમનગર સામે સેટેલાઈટ, મુળ વતન. રઘુનાથ રેસીડન્સી બહાદ્રાબાદ હરીદ્વાર ઉતરાખંડ) એ રચિ કેન્દ્ર સરકારના ફાયનાન્સ વિભાગમાં ઇન્ફોસમેન્ટ ડિપાર્ટમેન્ટમાં ડિરેક્ટર તરીકે ફરજ બજાવતા ન હોવા છતાં બોગસ વિઝીટીંગ કાર્ડ બનાવી સાહેદ ડૉ.રવિ રાવને તેના ક્લાયન્ટ સાહેદ નાઓને કોઈ ટેન્ડરને લગતું કામકાજ કરાવી આપવાનો વિશ્વાસ અને ભરોસો આપી રૂપિયા ૧,૫૦,૦૦,૦૦૦/- મેળવી લઈ કામકાજ નહીં કરાવી તેમજ લીધેલ નાણાં પરત નહીં આપી બોગસ વીઝીટીંગ કાર્ડ બનાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી સાહેદ શેઠ ડૉ.રવિ રાવ તથા પ્રદીપ ઝા સાથે વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૨૯૬/૨૦૨૩**

**નારોલઃ** નિર્મળાબહેન વા/ઓ જયેશભાઇ પટેલ (ઉ.વ.૩૨) (રહે. મંગલ જ્યોતી સોસાયટી તક્ષશીલા સ્કૂલ પાસે વસ્ત્રાલ) એ તા.૦૭/૦૮/૨૦૨૩ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૬/૨૦૨૩ સાંજના ૫/૦૦ થી ૫/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન શટલ ઓટો રીક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે નારોલ સરખેજ હાઇવે રોડ પર આર.વી.ડેનીમ કંપની સુધીની મુસાફરી દરમ્યાન રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેસેલ ત્રણ પુરૂષોએ નિર્મળાબહેન પટેલના થેલામાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૨,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ધાસુરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી